પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાન) ફાળવવા બાબત.

## ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

ઠરાવ ક્રમાંક વભદ/૧૦/૨૦૧૫/૨૬૨૪/ક

૧૪, સરદાર ભવન, પાંચમો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૦૬/૨૦૧૬

વંચાણે લીધો :-

(૧) વિભાગનો તા. ૨૬/૮/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) વિભાગનો તા.૧૩/૦૫/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ.

આમુખ :-

રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવા વાજબી ભાવની દુકાનો ફાળવવા બાબતે સંદર્ભમાં વંચાણે લીધેલ ઠરાવથી સંકલિત ઠરાવ કરવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઇ (૩) મુજબ ગ્રામ્ય કક્ષાએ વાજબી ભાવની દુકાનની ફાળવણી માટે ૩૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૭૫૦૦ની વસ્તીનું ધોરણ નિયત કરાયેલ છે. વસ્તીનું ધોરણ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ધ્યાને લેવામાં આવે છે. પરંતુ ૨૦૧૧ ની વસ્તી ગણતરીને આજે પાંચેક વર્ષ જેટલો સમય વીતી ગયેલ હોય લગભગ ૧૦ % જેટલો વસ્તી વધારો ગામ દીઠ સંભવત: હોય. આથી આ સંદર્ભે હાલના ધોરણ મુજબ ખાસ કરીને ગ્રામ્ય કક્ષાએ વસ્તીમાં સામાન્ય વધારો થયેલ હોય તો એક વાજબી ભાવની દુકાનમાંથી બીજી વાજબી ભાવની દુકાન શરૂ કરવા માટે વિવિધ રજુઆતો અત્રે થતી રહે છે. જેથી ગ્રામ્ય કક્ષાએ લધુત્તમ વસ્તીના ધોરણમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પ્રસ્તુત બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે સંદર્ભમાં જણાવેલ ઠરાવના ફકરા.૩ની હાલની જોગવાઇ ૩.૧ ને બદલે નીચે મુજબની જોગવાઇ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"૩.૧. ગ્રામ્ય વિસ્તારમાં વાજબી ભાવની દુકાન ખોલવા માટે વસ્તીનું ધોરણ ૩૦૦૦નું રહેશે. પરંતુ સ્થાનિક પરિસ્થિતિની ચકાસણી કરીને જિલ્લા કલેકટરશ્રીને આ ધોરણમાં ઓછામાં ઓછી ૨૭૦૦ (એટલે કે ૨૭૦૦થી ઓછી વસ્તી નહિ) ની વસ્તી સુધીની છૂટ આપવાની સત્તા રહેશે."

વિભાગના સંદર્ભમાં જણાવેલ ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

સદર ઠરાવનો અમલ આ ઠરાવ રવાના કર્યા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૂકેશ કે. પંડિત)
ઉપ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
(૨) સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ..આપના જિલ્લાના જિલ્લા પુરવઠા અધિકારીશ્રી તથા સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ તથા મામલતદારશ્રીઓને નકલ પૂરી પાડવાની વિનંતી સહ.
(૩) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
(૪) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ તરફ સદર ઠરાવની નકલ વેબ પોર્ટલ પર મૂકવા સારૂ,
(૫) શાખા પસંદગી ફાઇલ

નકલ સવિનય જાણ સારૂ રવાના :-

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. રા.ક.મંત્રીશ્રી (અન્ન, નાગરિક પુરવઠા.અને ગ્રા.બા. વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.